# મેઘરજ તાલુકા આરોગ્ય કચેરી નજીકથી ગંદકી દૂર

અરવલ્લી, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મેઘરજ



ખાતે આવેલ તાલુકા કક્ષાની આરોગ્ય કચેરી આગળના ભાગે વરસાદી પાણી ભરાઈ રહેતા અને ગંદકી અને મેઘરજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં આવતા દર્દીઓને ગંદા પાણીમાંથી પસાર થવું પડતું હોવાથી લોકોના પ્રશ્નોને વાચા અપાતા સમાચાર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતા જવાબદાર તંત્ર દ્વારા વરસાદી પાણીનો નિકાલ કરી પાણી ભરાઈ રહેતા ખાડાઓ પુરી દેવામાં આવતા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે મેઘરજ સામુહિક આરોગ્ય કેન્દ્રની પાછળના ભાગે અને આજુબાજુ પણ વરસાદી પાણી ભરાઈ રહેતા દવાખાનામાં ફરજ બજાવતા કર્મચારીઓ અને સારવાર કરાવવા આવતા દર્દીઓ મચ્છરજન્ય રોગચાળાનો ભોગ બને તે પહેલા તાલુકા હેલ્થ અધિકારી અને જિલ્લા આરોગ્ય અધિકારી અને મેઘરજ ગ્રામ પંચાયત દ્વારા વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરી પાણી ભરાયેલ સ્થળોએ દવાનો છંટકાવ કરવામાં આવે તેવું મેઘરજ નગર અને પંથકના લોકોમાં માંગ પ્રબળ બની છે.

# પ્રાંતિજ ખાતે શ્રી બાવન પરગણા વણકર સમાજ દ્વારા તેજસ્વી તારલાઓ સન્માનાયા

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ન્યુ ક્રિએટિવ એસોસિએશન




દ્વારા શ્રી બાવન પરગણા વણકર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પ્રાંતિજ ખાતે તા. ૨૭ના રોજ હનુમાન મંદિર પાસે આવેલ શ્રી દશાશ્રીમાળી વાડી ખાતે ન્યુ ક્રિએટિવ એસોસિએશન દ્વારા શ્રી બાવન પરગણા વણકર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષની જેમ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં સમાજના અગ્રણી જશુભાઈ મોતીભાઈ વોરા, પટેલ દિપકકુમાર મોહનભાઈ, દયાનંદભાઈ વગેરે સમાજના આગેવાનો પ્રાંતિજ તથા તાલુકામાં રહેતા શ્રી બાવન પરગણા વણકર સમાજના પ્રમુખ મંત્રી સહિત હોદ્દેદારો તથા સમાજના ભાઈ-બહેનો સહિત સમાજના તેજસ્વી તારલાઓ ઉપસ્થિત રહ્યા હતા અને સમાજ થકી ન્યુ ક્રિએટિવ એસોસિએશન દ્વારા શ્રી બાવન પરગણા વણકર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે વિદ્યાર્થીઓએ પણ અભિપ્રાય આપવામાં આવ્યા હતા.

# સાબરકાંઠા ભાજપ કિસાન મોરચાની કારોબારી બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૨૭

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા કીસાન મોરચાની જિલ્લા કારોબારી પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ બાબુભાઈ જેબલીયાના અધ્યક્ષસ્થાને હિંમતનગર શહેરમાં યોજાઈ. જેમાં પ્રદેશ કીસાન મોરચાના મહામંત્રી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ વગેરે અગ્રાણીઓએ જણાવેલ કે, કેન્દ્ર અને રાજ્ય સરકારે કિસાનોના અનેક પ્રશ્નોનો સુખદ નિકાલ લાવી અનેક યોજનાઓ મુકી છે. સરકાર કીસાન માટે હંમેશા ચિંતીત છે. ખેડૂતો આધુનીક ખેતી કરી ઓછા ખર્ચે વધુ ઉપજ મળે તેમજ ખેડૂત પરીવારની આર્થીક સ્થિતિમાં ઉત્તરોત્તર વધુ પ્રગતી થાય. કોંગ્રેસ પક્ષ ઉપર પ્રહાર કરતા જણાવેલ કે, આઝાદીના આટલા વર્ષોમાં પણ અગાઉ કોંગ્રેસ પક્ષની સરકાર હોવા છતાં ક્યારેય કિસાનોની ચિંતા કરી નથી. ઉપરથી એમની ડીસ્ટ્રીક્ટ બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ, જિલ્લા કીસાન મોરચાના પ્રમુખ જયેશ પટેલ, પ્રદેશ કારોબારી સભ્યો




સરકારોમાં કિસાનો ઉપર અત્યાચારો થયેલા છે. તેમજ નિર્દોષ કિસાનોને ગોળીબારના ભોગ બનવું પડ્યું છે. આ બેઠકમાં પ્રદેશ કિસાન મોરચાના મંત્રી હિતેન્દ્રભાઈ પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, સાબરકાંઠા અશ્વીનભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ તેમજ અનુપસિંહ ચૌહાણ, કમલેશભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, વિજયભાઈ પંડ્યા, અશોકભાઈ જોષી પણ હાજર રહેલ.



## પ્રાંતિજમાં અસહ્ય ગરમી-ઉકળાટ બાદ વરસાદ

પ્રાંતિજમાં સવારથી અસહ્ય ગરમી અને ઉકળાટને લઈને ગરમીનો પારો તેજ થયો હતો અને અસહ્ય ગરમીથી નગરજનો સેકાઈ ગયા હતા અને ગરમીથી તોબા તોબા પોકારી ઉઠ્યા હતા. જ્યારે બપોરના ૩.૩૦ વાગે ગર્જના સાથે વરસાદી ઝાપટુ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં પ્રાંતિજવાસીઓને અસહ્ય ગરમીથી રાહત થઈ હતી.

# સત્તા સેવાનું સાધન છે, વોટબેંકની રાજનીતિ ખતમ થાય : વિજય રૂપાણી

નડિયાદ, તા. ૨૭

રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આજે ડાકોરના ભગવાન રણછોડરાયના દર્શન કર્યા હતા અને સ્નેહમિલન અને અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહી અમૂલ ડેરીના ચેરમેન શ્રી રામસિંહ પરમાર તથા



બાલાસિનોરના પૂર્વ ધારાસભ્યન શ્રી માનસિંહ ચૌહાણને કેસરીયો ખેસ પહેરાવી ભારતીય જનતા પાર્ટીમાં વિધિવત પ્રવેશ કરાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યવમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર્તા "વ્યકિત સે બડા દલ ઔર દલ સે બડા દેશ" ની ભાવના ધરાવે છે અને સત્તાને સેવાનું સાધન માને છે.

રાજય સરકારે ચાર મહત્વણના બીલ પસાર કર્યા છે ગૌહત્યાર નિષેધનો કાયદો લાવી સરકારે ગાયોની કત્લેવઆમ બંધ કરાવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને નશાની ચૂંગાલમાંથી બચાવવા હુકકાબારો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યોત છે. સૌને સારૂં શિક્ષણ મળી રહે- મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીને શિક્ષણની સુલભતા મળી રહે તે માટે ફી નિયમનનો કાયદો ગુજરાત સરકારે કર્યો છે. વધુમાં સરકારે શહેરી વિસ્તોરના ગરીબો માટે આવાસો અને કાયદેસરના મકાન માલિક બને તેવો નિર્ણય કર્યો છે.

મુખ્યંમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ડાકોરના ગોમતી તળાવના શુધ્ધિકરણ સાથે પવિત્ર યાત્રાધામોને સ્વ ચ્છણ બનાવવાની ખાત્રી આપતા જણાવ્યુંવ હતું કે ગાંધી, સરદારનું ગુજરાત દિવ્યા બને, રોલ મોડલ બને, ગ્રોથ એન્જીન બને તે દિશામાં આગળ વધી રહયું છે. આવનારી ચૂંટણીઓમાં ૧૫૦ બેઠકો જીતવાના સંકલ્પે આગળ વધારી ગુજરાતને કોંગ્રેસમુકત બનાવીએ તેવું આહ્વાન પણ આ પ્રસંગે કર્યુ હતું. વધુમાં સુબહ કા ભૂલા સામકો ઘર વાપસ આતા હૈ ઉસે ભૂલા નહીં કહેતે... તે ઉકિત કહેતા મુખ્યમંત્રીશ્રીએ શ્રી રામસિંહભાઈ પરમાર અને શ્રી માનસિંહભાઈ ચૌહાણને ભારતીય જનતા પાર્ટીમાં આવકાર્યા હતા.

આ અભિવાદન સમારોહમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ કાશ્મીરના વીર શહિદ સૈનિકો, ધંધુકા પાસે કાર અકસ્મુતમાં મૃત્યુર પામેલા ૧૧ પરિવારજનો તથા અંગ્રેજોની ગુલામીમાંથી દેશને પૂર્ણપણે આઝાદી અપાવનાર પૂ.મહાત્માથ ગાંધી બાપુ જેવા અનેક નેતાઓના બલિદાનોને યાદ કરી શ્રધ્ધાં જલિ આપી હતી.

## અમદાવાદ શહેરમાં વરસાદી ઝાપટા

અમદાવાદની સાથે સાથે રાજ્યભરમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આગામી ત્રણ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. બીજી બાજુ અમરેલીમાં આજે ગાજવીજ સાથે વરસાદ દરમિયાન વિજળી પડતા એકનું મોત થયું હતું જ્યારે ખેડામાં પણ ધોધમાર વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ હળવોથી મધ્યમ વરસાદ થયો છે. અમદાવાદ શહેરમાં આજે દિવસ દરમિયાન શહેરીજનોએ અસહ્ય બાફ અને ઉકળાટનો અનુભવ કર્યા બાદ સાંજના સુમારે ભારે ગાજવીજ સાથે અનેક વિસ્તારોમાં વરસાદ તુટી પડ્યો હતો.

# મોડાસાના મનોકામના સિદ્ધિ વિનાયક મંદિરે હૃદયરોગ નિદાન કેમ્પ યોજાયો



મોડાસા, તા. ૨૭

સ્વાઈન ફ્લુના ઉકાળાનું વિતરણ અને મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન મનોકામના સિદ્ધિ વિનાયક ટ્રસ્ટના ડૉ. પ્રકાશ પંડ્યા અને ટ્રસ્ટીઓ દ્વારા શનિવારે ૧૫૦૦ લોકોને સ્વાઈન ફ્લુની બીમારી સામે રક્ષણ મળી રહે તે માટે આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. મફત નેત્ર નિદાન કેમ્પ યોજ્યો હતો. જેમાં ૧૫૦થી વધુ દર્દીઓ આંખોની તપાસ કરી ૭૫ દર્દીઓને રાહતદરે ચશ્માનું વિતરણ કર્યું. તદઉપરાંત રવિવારે સાંઈ હાર્ટ ફાઉન્ડેશનના સહયોગથી હૃદયરોગ અને ફેફસાને લગતી બીમારીઓથી પીડાતા લોકો માટે મફત નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૫ થી વધુ દર્દીઓ આ કેમ્પનો લાભ લીધો હતો.



રવિવારે માલપુર ગામે ખાડિયા કા રાજા ગણેશ મહોત્સવમાં ગણેશ યાગનું ભવ્ય આયોજન હસમુખભાઈ શાસ્ત્રી દ્વારા યજમાન ગોપાલભાઈ ગોર, ૧૦૦૮ લાડુની આહુતિ અર્પિત કરવામાં આવી. જે પ્રસંગે હિન્દુ યુવા વાહીની જિલ્લા અધ્યક્ષ હર્ષ પંડ્યા, ગૌ રક્ષક રાજન પ્રણામી, પાર્થભાઈ કડિયા, ખાડિયા ઓઢ યુવક મંડળના રાજુભાઈ મહેતા, પરીક્ષિત ગૌર, યુવા અગ્રાણી નીરવ પંડ્યા તેમજ સમસ્ત નગરજનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

# ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી વધુ ૮ના મોત

રાજયમાં સ્વાઈન ફ્લુની પરિસ્થિતિ દિન પ્રતિદિન વધુને વધુ ભયાનક અને ચિંતાજનક બની રહી છે. રોજેરોજ મૃત્યુઆંક અને સ્વાઈન ફ્લુ પોઝીટીવના કેસો ખતરનાક રીતે વધી રહ્યા છે. સ્વાઈન ફ્લુના કારણે આજે રાજ્યમાં વધુ આઠ લોકોના મોત થયા હતા અને વધુ ૧૯૨ કેસ સપાટી ઉપર આવ્યા હતા જે પૈકી એકલા અમદાવાદમાં ૫૮ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે આજે વધુ આઠ લોકોના મોત થયા હતા તે પૈકી એકલા અમદાવાદમાં ૪ લોકોના મોત થયા હતા. રાજ્યમાં સ્વાઈન ફ્લુના કારણે મોતનો આંકડો વધીને ૩૩૧ ઉપર પહોંચી ગયો છે જ્યારે રાજ્યભરમાં કુલ કેસોની સંખ્યા વધીને ૪૪૦૨ ઉપર પહોંચી ગઈ છે. ગઈકાલે શનિવારના દિવસે સ્વાઈન ફ્લુના લીધે વધુ સાતના મોત અને ૧૯૭ કેસ નોંધાયા હતા. આજે વધુ આઠના મોત અને ૧૯૨ કેસ નોંધાયા હતા.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

શેઠ કાસમ ઉસ્માનથી લઈ ૧૯૪૮ થી શહનાઝબાનું ના કેસ સુધીની લાંબી લડતનો હજુ સુધી અંત દેખાતો નથી ઉચ્ચ શિક્ષિત મુસ્લીમ મહિલાઓ સહીયતના તથા કુરાનના આવા પુરૂષ પ્રધાન નિયમોને માનતી નથી અને પોતાના ઉપર થતા શોષણ વિરૂધ્ધ અવારનવાર કોર્ટના દ્વાર ખખડાવી ન્યાય મેળવવા પ્રયત્ન કરતા સમગ્ર કોમ્યુનિટી સામે ધર્મ ગુરૂઓ સામે, મુલ્લાઓ, ઈમામો સામે લડવાની બાલીસ પ્રયત્ન માત્ર કરે છે તેમાં કયાય સમાજ કે કુટુંબ આવી સ્ત્રીઓને મદદ કરાતી નથી ઉલટાનો આવી સ્ત્રીઓને સ્વચ્છંદી, અધર્મી, નાસ્તીક ગણી સામાજીક બહિષ્કાર કરવામાં આવે છે જેનો સામાજીક સંગઠનો પણ હાથ મલતા વિચાર કરે છે.

આધુનિક વિચાર સરણી ધરાવતી ફિલ્મ અભિનેત્રી મીનાકુમારી પણ હલાલા જેવા ક્રુર નિયમનો ભોગ બનેલ તો સામાન્ય સ્ત્રીઓ તો કયાથી ન્યાય મેળવી શકે અન્યાઈ અમાનવીય અને ક્રુરતા ભરેલ આ નિયમને પુરૂષ પ્રધાન સમાજે હલાલા ના રૂડા નામે કુરાન તથા સહીયતના નિયમોમાં બાંધી પુરષ દ્વારા ઘડવામાં આવેલ નિયમોનો સ્ત્રીઓ ભોગ બનતી જ આવેલ છે.

એક કરતા વધારે નિકાહનો નિયમ રીવાજ હજુ પણ ધર્મના નામે લાદવામાં આવે છે જેનો એક માત્ર ભોગ સ્ત્રીઓ જ બને છે ભારતના નાગરિકો વચ્ચે એક જ સમાન સીવીલ કોડ હોવા જોઈએ અલગ અલગ ધર્મના લોકો ધાર્મિક નીતિ નિયમ કે રીવાજના નામે લોકશાહિ કે ભારતીય બંધારણનો ભંગ ના કરી શકે તેમ છતાં સમાન સીવીલ કોડ ના અમલ માટે હજુ પણ કેટલીક લાંબી મંઝીલ કાપવી પડશે સરકારે કરવાના કાર્યોનો બોજ સુપ્રિમ કોર્ટ ઉઠાવી રહી છે.

એક ઝાટકે ત્રિપલ તલાકના નિયમોમાંથી સ્ત્રીને આઝાદી તો મળી પરંતુ જયાં સુધી સમાન સીવીલ કોડ અમલમાં નહિ મુકાય ત્યાં સુધી ત્રણ નિકાહના અમાનવીય નિયમના શોષણમાંથી મુક્તિ નહી મળે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

પુરોહિત પહેલા બે કરતાં જુદા પડતા હતા કારણ અસીમાનંદ અને સાધ્વી સંઘ પરિવારસંલગ્ન હતાં, જયારે પુરોહિત પુણેરી ગૉડસે-સાવરકર પરિવારનાં હિંદુમહાસભાવાદી હિમાની સાવરકરની નિકટ લેખાતા હતા.

સંઘના વરિષ્ઠ પ્રચારક અને મુસ્લિમ રાષ્ટ્રીય મંચના પ્રણેતા એવા ઈન્દ્રેશ કુમારની માગણી છે કે કર્નલ પુરોહિતને માત્ર જામીન મળ્યા એટલું જ પૂરતું નથી, તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવે. એમનું કહેવું છે કે જેમણે ભગવા આતંકવાદ કે હિંદુ આતંકવાદની વાતો વહેવડાવી એ કૉંગ્રેસીઓને તો એમના પાપનો બદલો મળી ચૂક્યો છે. તેઓની દયનીય હારનું કારણ એમણે ચલાવેલા હિંદુ આતંકવાદ કે ભગવા આતંકવાદનાં જુઠ્ઠાણાં જ છે. ખરો પ્રશ્ન હવે ઊભો થાય છે. ઉપરોક્ત તમામ આતંકવાદી ખટલાઓ અદાલતમાં હજુ ચાલતા રહેશે. એના દોષિત સંઘ કે હિંદુ મહાસભા કે અભિનવ ભારત સાથે સંકળાયેલા મનાતા આરોપીઓ નથી, તો ખરા આરોપીઓ છે કોણ? એ ક્યારે ય પકડાશે કે પછી અનેક પ્રકરણોમાં બને છે તેમ ઉપરોક્ત પ્રકરણોમાં અનેકોની હત્યા માટે જવાબદાર કોઈને પકડવા અને શિક્ષા કરવાથી સરકારીતંત્ર વિમુખ જ રહેશે? એ બાબત હવે કેન્દ્રસ્થાને આવી ગઈ છે.સામાન્ય રીતે સનદી અધિકારીઓ દેશનાં હિતના કસ્ટોડિયન ગણાય. એટલે રાજનેતાઓ તો પોતાના રાજકીય સ્વાર્થની પૂર્તિ માટે બેજવાબદાર નિવેદનો કરે, પણ દેશભરમાં બૉમ્બ વિસ્ફોટોમાં સંડોવાયેલા દસ લોકો આરઍસઍસ સાથે સંકળાયેલા હોવાનું પત્રકાર પરિષદ ભરીને કહેનાર કેન્દ્રના એ વેળાના ગૃહ સચિવ સામે સંઘ તરફથી બદનક્ષીનો ખાટલો દાખલ કરીને ફોજદારી કાર્યવાહી કરવાને બદલે એમને સંઘના સંતાન એવા ભાજપના સંસદસભ્ય બનાવી દેવાય ત્યારે એ જરા અજુગતું તો લાગે જ છે. એમની પાસે નક્કર પુરાવા હતા તો એ ક્યાં પગ કરી ગયા, એ મહાપ્રશ્ન તો ઊભો જ રહે છે.આવા પુરાવા અને ફાઈલો રાજકીય નેતાગીરીની કસ્ટડીમાં નહીં,પણ અધિકારીઓની કસ્ટડીમાં રહેતી હોય છે એ સર્વવિદિત છે.

haridesai@gmail.com

## પછાડ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૧૬ના અંતિમ ગાળામાં લડી હતી. અનુભવ ઉપર નજર કરવામાં આવે તો મેવેદર પહેલાથી જ હોટફેવરિટ તરીકે હતો. મેવેદર બોકિંસગના ઈતિહાસ સૌથી ડિફેન્સીવ બોક્સરોમાં ગણવામાં આવે છે. કેરિયરની ૪૯ મેચો પૈકી ૨૬ મેચો નોકઆઉટના આધાર પર જીતી છે. આ જીતની સાથે જ મેવેદર દુનિયાના પ્રથમ એવા બોક્સર બનવામાં સફળતા મેળવી છે જે બોક્સરે ૫૦ ફાઈટ લડ્યા સુધી એક પણ ફાઈટ હારી નથી. પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન મેવેદરે આ જીતની સાથે જ પ્રોફેશનલ બોકિંસગથી પોતાની નિવૃત્તિની જાહેરાત પણ કરી દીધી હતી. મેવેદરને પહેલાથી જ ફેવરિટ તરીકે ગણવામાં આવી રહ્યો હતો. બંને દિગ્ગજો વચ્ચે થનાર ફાઈટ માટેની જાહેરાત બે મહિના પહેલા જૂનમાં કરવામાં આવી હતી. ૧૨ રાઉન્ડના આ મુકાબલાને મેવેદરે ૧૦ રાઉન્ડમાં જ જીતી લીધો હતો. આ ફાઈટમાં મેવેદર ઉપર ૬૦૦ મિલિયન ડોલર અથવા તો ૩૮૩૨ કરોડ રૂપિયા દાવ ઉપર હતા.

## અકસ્માત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારે બરવાળા-ધંધુકા હાઈવે પર તગડી ગામ નજીક ઓવરટેક કરતી વખતે ટ્રક અને તેમની તુફાન જીપ વચ્ચે જોરદાર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં જૈન પરિવારના પાંચ મહિલાઓ અને છ પુરુષો સહિત કુલ ૧૧ વ્યકિતઓના મોત નીપજયા હતા. જયારે આ અકસ્માતમાં ૧૪ વર્ષના કિશોરનો ચમત્કારિક બચાવ થયો હતો. જૈના પરિવારના એક સાથે ૧૧ વ્યકિતઓના મોત નીપજતાં જૈન સમાજમાં પણ ઘેરા શોકની લાગણી ફેલાઇ ગઇ હતી. મુંબઈના ડોંબીવલીના રહેવાસી હિતેષ શાહના પરિવારના સભ્યો પાલિતાણા દર્શન કરવા જઇ રહ્યા હતા ત્યારે આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે ભારે અરેરાટીની લાગણઈ લોકોમાં ફેલાઇ ગઈ હતી. દરમ્યાન ધંધુકા પાસે જ અકસ્માતના અન્ય એક બનાવમાં, ગુંદી ફાટક નજીક એક કાર પલટી ખાઈ જતાં બે વ્યકિતઓના કરૂણ મોત નીપજયા હતા, જયારે કારમાં બેઠેલ અન્ય ત્રણ જણાં ઘાયલ થયા હતા.

## ભાજપમાં જોડાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસમાં જ આ સભ્યો પરત ફરશે. સત્તા કોંગ્રેસ પક્ષ પાસે જ રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ છોડ્યા પછી ગાંધીનગર જિલ્લાની માણસા તાલુકા પંચાયત કોંગ્રેસે ગુમાવી છે. હજુ પણ આગામી બે-ત્રણ દિવસમાં બીજા રાજકીય ભૂકંપની ઘટનાઓ બનશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે. ગાંધીનગર જિલ્લા પંચાયત પણ કોંગ્રેસ પક્ષને ગુમાવવાનો વારો આવે તેવી વાતો રાજકીય વર્તુળોમાં જોરશોરથી ચર્ચાઈ રહી છે.

## બ્લેક ડે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકનો એક દિકરો દિપક ઝુંડાલ ગ્રામ પંચાયતમાં પટાવાળા તરીકે નોકરી કરતો હતો અને મેહુલ છુટક કામ કરતો હતો. બંને મૃતદેહ પીએમ કરાવી ઈન્ફોસીટી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ ગઈકાલે લીંબડીયા કેનાલ બહારથી બિનવારસી રીક્ષા મળી હતી. આ રીક્ષા કેનાલ બહાર મુકીને કેનાલમાં કુદી જનાર નાના ચિલોડાના ૩૦ વર્ષિય યુવરાજસિંહ મહિપતસિંહ રાણાનો મૃતદેહ પણ આજે મળી આવ્યો હતો. તે ઉપરાંત આજે એક્ટીવા લીંબડીયા પુલ પાસે મુકીને છલાંગ લગાવી દેનાર અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. આ મૃતદેહ કેનાલમાંથી બહાર નિકાળવા મોડી સાંજ સુધી પ્રયત્નો ચાલી રહ્યા હતા. ઉપરોક્ત ચાર અકસ્માતો મોતના કિસ્સાઓ ઉપરાંત એક સે. ૩૦ સર્કલથી ચિલોડા જતા રોડ પર સાબરમતી નદીમાં એક મહિલા ડુબી ગઈ હોવાની ઘટના બનવા પામી હતી. લેકાવાડા ગામમાં રહેતી ૩૫ વર્ષીય સોનલબેન મનહરસિંહ વાઘેલા આજે બપોરે તેની નણંદને લઈને રીક્ષામાં નદીના પુલ પાસે આવી હતી. બળીયાદેવની બાધા દરમ્યાન કરેલી પૂજા-અર્ચનામાં એકત્ર થયેલા ફૂલ નદીમાં પધરાવવા સોનલબેન આવ્યા હતા. ફૂલ પધરાવવા જતા તેમનો પગ લપસી જતા નદીમાં ડુબી ગયા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે મૃતદેહ બહાર નીકાળી પોલીસ તથા પરિવારજનોને સોપ્યો હતો. આમ ગાંધીનગર માટે સન્ડે બ્લેક ડે સાબિત થયો હતો. એક જ દિવસમાં નદી-કેનાલમાં ડુબી જતાં પાંચના મૃત્યુ થયા હતા.

## બેસ્ટ સીંગલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંઠીયાના નાસ્તા સાથે પદયાત્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

શહેરમાં માર્ગો પર સતત જય અંબેનો જયઘોષ કાને સંભળાય છે. જ્યારે સેક્ટરોમાં ભાવિકો ગણેશોત્સવમાં તલ્લીન જોવા મળે છે. નગરમાં ગણેશોત્સવની ઉજવણી અંતર્ગત શનિવારે રાત્રિના નગરના સ્થાનિક કલાકારોએ પોતાના સૂર પાથર્યા હતા. સે. ૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા આયોજિત 'બેસ્ટ સીંગર ઓફ ધ સીટી' કાર્યક્રમમાં વિવિધ ત્રણ વયજૂથમાં નગરના ૩૮ જેટલા કલાકારોએ વિવિધ ગીતો રજૂ કર્યા હતા. નગરના સ્થાનિક કલાકારોની પ્રવૃત્તિના અંતે શ્રોતાઓ પણ દંગ રહી ગયા હતા. નહેરુ યુવા કેન્દ્રના સહયોગથી યોજાયેલ આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પિનાકીન વ્યાસ, સુરેશ રત્નોકર અને સૌરભ પટેલે સેવા આપી હતી. ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસ, ડૉ. ચેતના બૂચ, શૈલેષ પવાર સહિતના પદાધિકારીઓએ કલાકારોને પ્રોત્સાહીત કર્યા હતા. વિજેતા સ્પર્ધકોને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.

સે. ૧૬ બ્રહ્મસમાજ આયોજિત ગણેશોત્સવમાં પણ ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દિવ્યાંગ અંજારીયા, કલ્યાણી કોઠારકર અને પ્રહર વોરા સહીતના કલાકારોએ ભજનો રજૂ કરી શ્રોતાઓના દીલ જીલી લીધા હતા. સોમનાથ મંદિર નજીક સ્થિત પંડાલમાં ગુગળ અને કપૂરના દિવ્ય ધૂપની મહેંક વચ્ચે ભાવિકોએ ભજનની રંગત માળી હતી. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષ દવે, પિનાકીન રાવલ સહીત સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. બીજી તરફ નગરના સેવાકેન્દ્રો પર પદયાત્રીઓની ભીડ જોવા મળી હતી. પદયાત્રીઓની સેવા માટે ગરમ ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચ-૦ સ્થિત પંચદેવ યુવક મંડળના સેવાકેન્દ્રમાં પદયાત્રીકોએ નાસ્તા બાદ વિસામો લીધો હતો.

## પ્રચાર કાર્યક્રમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો-નેતાઓને આમંત્રિત કરાયા છે. કાર્યક્રમને સફળ બનાવવા ગુજરાત કોંગ્રેસના નેતાઓએ ભારે કમર કસી છે. તા. ૪થી સપ્ટેમ્બરની રાહુલ ગાંધીની મુલાકાત બાદ તા. ૨૧થી તા. ૨૬ સપ્ટેમ્બર દરમ્યાન રાહુલ ગાંધી ગુજરાતના બે ઝોનમાં ત્રણ-ત્રણ દિવસનો પ્રચાર કરશે. સૌરાષ્ટ્રના દ્વારકા ખાતેથી રાહુલ ગાંધી કોંગ્રેસના પ્રચારની વિધિવત્ શરૂઆત કરે તેવી શકયતા છે. એ પછી તા. ૨ ઓકટોબરથી તા.૭ ઓકટોબર સુધી બીજા દિવસના કાર્યક્રમમાં રાહુલ ગાંધી રાજયના બીજા બે ઝોનમાં ત્રણ-ત્રણ દિવસનો ચૂંટણી પ્રચાર કરશે. તા.૮મી ઓકટોબરે યોજાનારા વિશાળ સંમેલનમાં ગુજરાતના ખેડૂતો, મહિલાઓ, બેરોજગારો, યુવાનો સહિતના પ્રશ્નોને વાચા આપશે.

આમ, ગુજરાત કોંગ્રેસ દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીઓને લઈ રાહુલ ગાંધીના સંભવિત કાર્યક્રમને લઈ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીના નેજા હેઠળ યોજાયેલી આજની બેઠકમાં ચર્ચા વિચારણા અને તૈયારીઓની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને આગેવાનોને ખૂબ મોટી સંખ્યામાં કાર્યકરોને એકત્ર કરવાની સૂચના આપી દેવાઈ છે.